# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: જાગૃતિ વકીલ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૧૮-૧૦-૨૦૨૪ શુક્રવાર                    સમય : સાંજે ૬:25 કલાકે**

---

## સીએમ-પેટ્રોકેમિકલ પરિષદ:

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં પેટ્રોકેમિકલ ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ થયો છે. મુંબઈમાં યોજાયેલા કેમિકલ – પેટ્રોકેમિકલ ક્ષેત્રના ઇન્ડીયા કેમ 2024 દ્વિવાર્ષિક આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધન કરતા મુખ્યમંત્રીએ ઉમેર્યું કે વાઇબ્રન્ટ સમિટમાં કેમિકલ અને પેટ્રોકેમિકલ સેક્ટર ક્ષેત્રે 5 લાખ , 34 હજાર કરોડના રોકાણ સાથે 3 હજાર 356 જેટલા પ્રોજેક્ટ આવ્યા છે.

- (RNU અમદાવાદ)

---

## વાવ બેઠક-પેટાચૂંટણી:

ગુજરાત વિધાનસભાની વાવ બેઠકની પેટાચુંટણી માટે આજે જાહેરનામું પ્રસિદ્ધ થતાં ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયા શરુ થશે. ૨૫મિ ઓક્ટોબર સુધી ઉમેદવારી નોંધાવી શકાશે. જયારે મતદાન ૧૩મી નવેમ્બરે થશે.

ઉલ્લેખનીય છે કે, આ બેઠક પરના સભ્ય કોંગ્રેસના ગેની બેન ઠાકોર લોકસભામાં ચૂંટાતા આ બેઠક ખાલી પડી છે.

- (RNU અમદાવાદ)

---

## ખેલ મહાકુંભ ૨.૦:

વર્ષ 2023-24 ના ખેલ મહાકુંભ 2.0માં વિક્રમી સંખ્યામાં અંદાજે 66 લાખથી વધુ રમતવીરોએ નોંધણી કરાવી છે. જેમાં ચાલુ વર્ષે ૩૯ જેટલી વિવિધ રમતોનું આયોજન કરાયું છે. ખેલ મહાકુંભના માધ્યમથી ગુજરાતના ૧૬ ખેલાડીઓએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રાજ્યનું નામ રોશન કર્યું છે.

ખેલમહાકુંભ અંતર્ગત ગ્રામ્ય -તાલુકા- જિલ્લા- મહાનગરપાલિકા કક્ષા અને રાજ્યકક્ષાની રમતોમાં વિજેતા થયેલ તેમજ પ્રતિભાશાળી ખેલાડીઓ માટે રાજ્ય સરકાર સમર કોચીંગ

કેમ્પનું આયોજન કરે છે, જેમાં વિનામૂલ્યે તાલીમ ઉપરાંત કેમ્પ દરમ્યાન નિવાસ, પ્રવાસ અને ભોજન આપવામાં આવે છે.

- (RNU અમદાવાદ)

---

## ધોરડો રણોત્સવ-સ્ટોલ:

ધોરડો રણોત્સવ-૨૦૨૪-૨૫ દરમિયાન હસ્તકળા સાથે સંકળાયેલ તથા તે પ્રકારની વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ થાય તે માટે ક્રાફટ સ્ટોલ તથા ખાણી-પીણી માટે ફૂડ સ્ટોલ બજાર ટેન્ટસીટી પાસે ઉભી કરવામાં આવનાર છે.

જેમાં રસ ધરાવતા કારીગરોએ તે માટેના ફોર્મ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ,ભુજની કચેરીમાં તા.૨૧ ઓક્ટોબર ૨૦૨૪ થી ૧૧ નવેમ્બર ૨૦૨૪ સુધી સુધીમાં રૂબરૂ અથવા રજિસ્ટર એડીથી મોકલી આપવાનું રહેશે.

જો કોઈ માર્ગદર્શનની જરૂર જણાય તો કચેરી સમય દરમિયાન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની કચેરી તેમજ નંબર ૯૦૯૯૯૫૬૩૭૦ પર સંપર્ક કરી શકાશે . તેમ સિનિયર જનરલ મેનેજર અને નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.

- (મા.ખા. ભુજ)

---

## બન્ની પશુમેળો ૨૦૨૪:

કચ્છમાં બન્ની પશુ ઉછેરક માલધારી સંઘઠન દ્વારા હોડકોમાં સતત ૧૬મી વખત બન્ની પશુમેળાનું આયોજન કરાયું છે. જેનું ઉદ્ઘાટન આવતી કાલે સવારે ૧૦ વાગ્યે ધારાસભ્ય કેશુભાઈ પટેલના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે અતિથી વિશેષ તરીકે કચ્છ-મોરબી સાંસદ વિનોદ ચાવડા અને અબડાસા વિસ્તારના ધારાસભ્ય પ્રદ્યુમન સિંહ જાડેજા રહેશે. જેનો લાભ લેવા પશુપાલકો અને જાહેર જનતા ને આયોજકો એ આમંત્રણ પાઠવ્યું છે.

- (NP, જાગૃતિ વકીલ)

---

## સ્વચ્છતા હી સેવા-કચ્છ:

કચ્છની વિવિધ નગરપાલિકાઓમાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત સફાઈ ઝુંબેશ ચાલી રહી છે. જે અન્વયે જીલ્લાના ગ્રામ્ય વિસ્તાર સાથે અંજાર , માંડવી, રાપર, નખત્રાણા, ભચાઉ, ભુજ, ગાંધીધામ નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારમાં આવેલા જાહેર રસ્તાઓની સફાઈ કરવામાં આવી હતી. તથા વિવિધ પ્રવૃત્તિ દ્વારા લોકોમાં જાગૃતિ લાવવા

પ્રયાસ કરાયો હતો. આ સાથે ભચાઉ તાલુકા પંચાયત ખાતે તલાટી અને સરપંચની રીફ્રેશર તાલીમ યોજાઇ હતી.

- (મા.ખા. ભુજ)

---

## ઓલ ઇન્ડિયા બ્લાઇંડ ફૂટબોલ સ્પર્ધા:

કચ્છમાં નવચેતન અંધજન મંડળ, માધાપર દ્વારા સૂર્યા વરસાણી એકેડમી ખાતે યોજાનારી પ્રથમ ઓલ ઇન્ડિયા બ્લાઇન્ડ ફૂટબોલ એસોસિએશન આંશિક દ્રષ્ટિક્ષતિ ખેલાડીઓની નેશનલ ફૂટબોલ સ્પર્ધા માટે ગુજરાત , મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, તેલંગાણા, કર્ણાટક, તામિલનાડુ, મેઘાલય અને અરુણાચલ પ્રદેશની ટીમો માધાપર-ભુજ આવી પહોંચી છે.

આવતી કાલ તા. ૧૯ થી ૨૧ ઓક્ટોબર દરમ્યાન રમાનારી આ સ્પર્ધાના દેખાવના આધારે ભારતીય ટીમ પસંદ કરવામાં આવશે. પ્રથમવાર યોજાનાર આ સ્પર્ધામાં કુલ બે જૂથમાં ચાર-ચાર ટીમ 16 મેચ રમશે. સમગ્ર સ્પર્ધાને અંતે તમામ ટીમોના સારા ખેલાડીઓમાંથી પસંદ કરી ભારતની આંતરરાષ્ટ્રીય ટીમ તૈયાર કરવામાં આવશે.

- (NP, જાગૃતિ વકીલ)

---

## ભચાઉ-જૈન સાધુ સાધ્વી-કાર્યક્રમ:

ભચાઉ તાલુકાના આધોઈ ગામે સ્થાનિક વિશા ઓસવાળ મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા આગામી તા. 20મી ઓક્ટોબરે સાધુ-સાધ્વીજી મહારાજનાં માવતરોને પોંખવાનો અનેરો ઉત્સવ ઉજવવામાં આવશે. માત્ર ભારત દેશમાં વસવાટ કરતા જૈન સમાજમાં પ્રથમ વખત આ પ્રકારના ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરાઈ રહ્યું છે.

આ માટે આધોઈ ખાતે 70 સાધુ, સાધ્વીજી મહારાજના દેશમાં વસવાટ કરતા માતા-પિતા, વડીલોને જાણ કરવામાં આવી છે. જિનશાસન સંપત્તિના આધારે નહીં , પણ રત્નકુશિ માતા-પિતાએ અર્પણ કરેલા સંતાનોનાં કારણે ચાલી રહ્યું છે. આ હિતશિક્ષાને અનુલક્ષીને કાર્યક્રમનું આયોજન કરાયું હોવાનું જાહેર કરાયું છે.

- (NP, જાગૃતિ વકીલ)

---